પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક


# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૨૮   અંક : ૯૫   કુલ પાના : ૪   તારીખ : ૧૨-૧૨-૨૦૨૪   ગુરૂવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં
# 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના

## નીતિ-નિર્ધારણના બે વર્ષ

1) ખરીદ નીતિ-2024
2) ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-2024
3) કુટીર અને ગ્રામોધોગ નીતિ-2024
4) નારી ગૌરવ નીતિ-2024
5) ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી-2023
6) સેમિકંડક્ટર પોલિસી
7) નવી IT/ITes પોલિસી
8) ગ્રીન-હાઈડ્રોજન પોલિસી

## સુશાસનના બે વર્ષ

- ગુજરાતનું અત્યાર સુધીનું ₹3 લાખ 32 હજાર કરોડનું સૌથી મોટું બજેટ.
- કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓને આગળ ધપાવશે.
- રાજ્યમાં શહેરીકરણ સુદૃઢ થાય તે માટે નવી 9 મહાનગરપાલિકા અને 1 નગરપાલિકાની રચના થશે
- 2 લાખ 82 હજાર ઘર પર સોલાર પેનલ, ઊર્જા સુરક્ષામાં ગુજરાત દેશમાં અગ્રેસર
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ નિર્માણમાં ગુજરાત દેશમાં અગ્રેસર
- PMJAY-MA હેઠળ મળતી સહાય બમણી, હવે ₹10 લાખ સુધીની સારવાર નિ:શુલ્ક
- ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, 2024 અમલી
- સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાના 41 લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો આરંભ
- યુવાનોના ઇનોવેટિવ વિચારોને ગુડ ગવર્નન્સમાં સાંકળવાની દિશામાં "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ ફેલોશીપની" શરૂઆત કરી.
- ગુજરાતમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત 17 કરોડ 19 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર.
- ભારત સરકારના DPIIT અનુસાર, ગત વર્ષની સરખામણીએ $2.6બિલિયન વધુ FDI મેળવીને નાણાકીય વર્ષ 2024માં $7.3 બિલિયન FDI પ્રાપ્ત કર્યું
- પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના અંતર્ગત માત્ર 7 મહિનામાં 1,59,338 લાભાર્થીઓને લાભ
- વિશ્વના સૌથી મોટા 37 ગીગાવૉટના હાઈબ્રિડ રિન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમદાવાદ મેટ્રો ફેઝ -2નું લોકાર્પણ

## ખુશહાલ ખેડૂતના બે વર્ષ

- 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ રાજ્યના 13,730 એટલે કે 76% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 56 લાખથી વધુ ખેડૂતોને ₹6,300 કરોડથી વધુ રકમની સહાય.
- 20 લાખથી વધુ ખેડૂતોને પાક-ધિરાણ પર ₹2900 કરોડથી વધુની વ્યાજ સહાય
- ₹2800 કરોડથી વધુના મૂલ્યની વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી
- 9.85 લાખ ખેડૂતો સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયા, રાજ્યના 53 લાખથી વધુ ખેડૂતોને તાલીમ

## દીકરીઓ અને મહિલાઓના સર્વાંગી વિકાસના બે વર્ષ

- રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ 10 લાખ વિદ્યાર્થિનીઓને ₹138 કરોડથી વધુની સહાય ચૂકવાઇ.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા પ્રેરાય તે માટે શરૂ કરાયેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓને ₹28 કરોડથી વધુની સહાય ચૂકવાઇ
- નમો શ્રી યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ₹12 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના દ્વારા 1.45 લાખ લાભાર્થીઓને સહાય
- સૌપ્રથમવાર જેન્ડર બજેટ ₹1 લાખ કરોડને પાર, 200 વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી

## ગરીબ કલ્યાણના બે વર્ષ

- 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ 2 કરોડ 68 લાખ લોકોને ભોજન વિતરણ.
- 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ 72 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને અનાજ વિતરણ
- શ્રમિક બસેરા યોજનાની શરૂઆત, આગામી ત્રણ વર્ષમાં ₹1500 કરોડના ખર્ચે 3 લાખ બાંધકામ શ્રમિકો માટે શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન.
- 'વનબંધુ કલ્યાણ યોજના 2.0' અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ₹2500 કરોડથી વધુનો ખર્ચ
- ભગવાન બીરસા મુંડાની 150મી જન્મ જયંતિની 'જનજાતિય ગૌરવ વર્ષ' તરીકે ભવ્ય ઉજવણી

## યુવા વિકાસના બે વર્ષ

- દેશમાં 'એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક્સ-2023' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ
- ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ચાર વખત દેશમાં ગુજરાત મોખરે
- રાજ્યના 21 જિલ્લાઓના 50 તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય
- 2023- દેશમાં સૌપ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્ક્લેવનું આયોજન.

## ગૌરવવંતી સિદ્ધિઓના બે વર્ષ

- વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના 10મા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન. ₹45 લાખ કરોડથી વધુના 98,000 થી વધુ MoU થયા.
- ગુજરાતમાં 17 G-20 મિટિંગનું સફળતાપૂર્વક આયોજન
- UN એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા ધોરડોનો વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજની યાદીમાં સમાવેશ
- યુનેસ્કોએ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' જાહેર કર્યો
- કચ્છના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના 3 સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન
- 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાત 'ટોપ અચીવર' સ્ટેટ.
- સ્વામિત્વ યોજના અંતર્ગત 11 લાખ 50 હજારથી વધુ પ્રોપર્ટી-કાર્ડનું વિતરણ, આ યોજનાના બીજા તબક્કામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર

**વિકસિત ભારત માટે**
**'વિકસિત ગુજરાત @ 2047' રોડમેપ દ્વારા**
**વિકાસનું નક્કર આયોજન**






**2 વર્ષ**
**સેવા, સંકલ્પ અને સમર્પણના**

# દાહોદ નકલી એન.એ. પ્રકરણમાં આજ રોજ ચાર સરકારી કર્મચારીઓની ધરપકડ કરાઈ : સરકારી કર્મીઓમાં બે નિવૃત કર્મીઓ.



**દાહોદમાં નકલી બિન ખેતી પ્રકરણમાં આજરોજ ઝડપાયેલ ચાર સરકારી બાબુઓને દાહોદ પોલીસ દ્વારા દાહોદની નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યાં હતાં. કોર્ટ દ્વારા આ ચારેય સરકારી બાબુઓના ૬ દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કરવામાં આવ્યાં હતાં. ત્યારે આવનાર દિવસોમાં આ રિમાન્ડની સરકારી બાબુઓ સાથેની પુછપરછોમાં અનેક સઘળી હકીકતો બહાર આવવાની પુરીપુરી શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.**

દાહોદ,


દાહોદમાં નકલી બિન ખેતી પ્રકરણમાં એકપછી એક આરોપીઓને પોલીસ દ્વારા જેલના સળીયા પાછળ ધકેલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે આજરોજ વધુ ચાર સરકારી કર્મચારીઓ જેમાં બે નિવૃત ટીડીઓ, એક ટીડીઓના આસિસ્ટન્ટ અને એક રિટાયર્ડ સર્કલ ઓફિસર સહિત ચાર કર્મચારીઓની દાહોદ જીલ્લા ડિવાયએસપી તેમજ તેમની ટીમે તપાસમાં ધરપકડ કરવામાં આવતાં દાહોદના ભુમાફિયાઓમાં પુનઃ એકવાર ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

દાહોદ જીલ્લાની સાથે સાથે સમગ્ર ગુજરાત રાજયમાં ચર્ચાની એરણે ચઢેલ દાહોદના નકલી બિનખેતી પ્રકરણમાં દાહોદ પોલીસ દ્વારા એકપછી એક પોલીસ ફરિયાદોનો દૌર આરંભ કરીને આ પ્રકરણમાં માસ્ટર માઈન્ડ સહિત અનેક આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલવામાં આવી રહ્યાં છે. ત્યારે આજરોજ દાહોદ જીલ્લા ડિવાયએસપી દ્વારા આ નકલી બિન ખેતી પ્રકરણમાં ટીડીઓ કચેરી ખાતે ૧૧૨ સર્વે નંબર સંબંધિ ફરિયાદ નોંધવામાં આવી હતી જેમાં વિશેષ પુરાવાઓ પણ મળી આવ્યાં હતાં. નકલી એનએ પ્રકરણની તમામ ફરિયાદોમાં જે સર્વે નંબરોવાળી જમીનોમાં સત્તા બહારના હુકમો સમય મર્યાદામાં જે સત્તા છે, એક વર્ષમાં જેટલી સત્તા છે. તેના કરતાં વધારે હુકમો જુની તારીખોમાં હુકમો થતાં, આ તમામ મુદ્દાઓ ઉપર પોલીસ દ્વારા તપાસ ચાલતી હતી. આ દરમ્યાન જે જમીનના માલિકો છે, જે પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે છે. તેઓની અટક દરમ્યાન અને અન્ય સોર્સ માધ્યમથી મળેલ માહિતી પ્રમાણે જેમાં અમુક અધિકારીઓ દ્વારા સોર્ટકટથી અથવા સ્પીડથી કામ કરાવવું, ખોટી રીતે કામ કરવવા માટે માટે કામગીરી કરવામાં આવી હતી. જે તમામ મુદ્દાઓમાં પોલીસ દ્વારા વિગતવાર તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો. જેમાં જેતે વખત છત્રસિંહ બારીયા રિટાયર્ડ ઈન્ચાર્જ ટીડીઓ તાલુકા પંચાયત દાહોદ, દેવાભાઈ સંગાડા રિટાયર્ડ ઈન્ચાર્જ ટીડીઓ તાલુકા પંચાયત દાહોદ, પર્વતસિંહ અમલીયાર આસિસ્ટન્ટ ટીડીઓ તાલુકા પંચાયત દાહોદ અને મેગજીભાઈ તાવીયાડ રિટાયર્ડ સર્કલ ઓફિસર તાલુકા પંચાયત દાહોદની પોલીસે આ નકલી બિન ખેતી પ્રકરણમાં આજરોજ અટકાયત કરી પોલીસ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ પોલીસ ઝોનમાં આવતા છ પોલીસ સ્ટેશનનો ૧,૪૭,૯૬,૮૧૩ રૂપિયાનો વિદેશી દારૂનો કડક પોલીસ બંદોબસ્ત હેઠળ નાશ કરાયો

ઝાલોદ,

દાહોદ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજદિપસિંહ ઝાલાના આદેશ મુજબ ઝાલોદ પોલીસ ઝોનમાં આવતા છ પોલીસ સ્ટેશનનોમા ગેરકાયદેસર રીતે હેરાફેરી કરતા ગુનાહિત પ્રવૃત્તિમા પકડાયેલ વિદેશી દારૂના મુદ્દામાલનનો નાશ ઝાલોદ થી ફતેપુરા રોડ પર આવેલ રાજપુર મુકામે ખુલ્લી જગ્યામાં કડક પોલીસ જાપ્તા હેઠળ કરવામાં આવ્યો હતો. ઝાલોદ પોલીસ ઝોનમાં આવતા



છ પોલીસ સ્ટેશનો ઝાલોદ, લીમડી, ફતેપુરા, સુખસર સંજેલી, ફતેપુરામા પોલીસ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિમાં પકડાયેલ ઝાલોદ પોલીસ સ્ટેશનનો ૫૮,૯૮,૬૯૧, લીમડી પોલીસ સ્ટેશનનો ૪૪,૨૬,૬૭૮, ફતેપુરા પોલીસ સ્ટેશનનો ૩,૭૪,૫૯૦, સુખસર પોલીસ સ્ટેશનનો ૩,૯૬,૯૩૧, સંજેલી પોલીસ સ્ટેશનનો ૪,૫૦,૨૮૫, ચાકલીયા પોલીસ સ્ટેશનનો ૩૨,૪૯,૬૩૮ રૂપિયાનો દારૂના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો. કુલ છ પોલીસ ઝોનમા થઈ કુલ ૧,૪૭,૯૬,૮૧૩ રૂપિયાના દારૂના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો. દારૂની સંપૂર્ણ નાશ કરવાની પ્રક્રિયા દરમિયાન ડ્રોન ઉડાવી ચારે બાજુના વિસ્તારોમાં દેખરેખ રાખવામાં આવી હતી. આ દારૂના નાશ ડેપ્યુટી કલેક્ટર અજય ભાટીયા, ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ તેમજ છ પોલીસ સ્ટેશનના સમાવિષ્ટ પી.આઈ તેમજ પી.એસ.આઇ તેમજ મામલતદાર ઓફીસ અને પોલીસ સ્ટાફ હાજર રહેલ હતો અને તેમની દેખરેખ હેઠળ સમગ્ર દેખરેખ હેઠળ કરવામાં આવેલ હતું

# સંતરામપુરના પાદેડી અડોર ગામે બીડ ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં બાળકોને આયનની ગોળી આપ્યા બાદ બાળકોની તબિયત લથડી

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના પાદેડી અડોર ગામે બીડ ફળિયામાં ધોરણ ૧ થી ૫ ની પ્રાથમિક શાળામાં ૪૦ બાળકોને બ્લડ વધારવા માટેની કૂપોષિત જે સરકારને અભિયાન ચાલી રહેલું છે. દર બુધવારે આયર્નની ગોળી આપવામાં આવે છે, જે બપોરે જમ્યા પછી દરેક બાળકને એક ગોળી આપવામાં આવે છે. જેમાંથી ૧૦ બાળકને આ ગોળી આપવાથી કાળી જીભ થઈ ગઈ અને પેટમાં દુઃખાવો ઉપાડતા એક પછી એક બાળકો કહેવા લાગ્યા શિક્ષકને શિક્ષકે તાત્કાલિક તેમના વાલીઓને બોલાવીને ૧૦૮ દ્વારા આ બાળકોને સંતરામપુર હોસ્પિટલમાં લાવવામાં આવેલા હતા અને તાત્કાલિક એમની સારવાર કરવામાં આવેલી હતી. વાલીઓ ગભરાઈ જતા તાત્કાલિક આ બાળકોને સારવાર માટે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં લાવવામાં આવેલા હતા. હાલમાં તમામ બાળકોની સ્થિતિ સારી છે, પરંતુ તમામ બાળકોને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવેલા છે.



# દાહોદના ખરેડી જીઆઈડીસી કારખાના માંથી ઓઈલના જથ્થાના ફુડ વિભાગ દ્વારા દ્વારા નમુના લેવાયા

દાહોદ,


દાહોદ તાલુકાના ખરેડી ગામે જીઆઈડીસી ખાતે એક કારખાનામાંથી મળી આવેલ ઓઈલના જથ્થા અંગે આ ઓઈલનો જથ્થો ખાદ્ય છે કે અખાદ્ય તે અંગે ફુડ વિભાગે નમુના લેવામાં આવ્યાં છે. આ ઉપરાંત પોલીસે ટ્રેડમાર્ક અને જીએસટી માટે સંબંધિતોને જાણ પણ કરી હોવાનું સામે આવ્યું છે. આ ઓઈલનો જથ્થો આ વેપારી દ્વારા ક્યાં ક્યાં સપ્લાય કરવામાં આવ્યો હતો ? તે મામલે પણ પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.ગતરોજ દાહોદ ગ્રામ્ય પોલીસ મથકની હદમાં આવેલી ખરેડી જીઆઇડીસીમાં મૂરતુજાભાઈ કુત્બુદ્દીન ઝાબુઆવાલાની માલિકીના ખરેડી જીઆઇડીસી વિસ્તારમાં આવેલા પ્લોટ નંબર પ૨૫ માં ચાલતા ન્યુ બાબજી એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં તેલનો કારખાનામાં દાહોદ જીલ્લા એસ.ઓ.જી પોલીસે બાતમીના આધારે છાપો મારી અલગ અલગ બ્રાન્ડના પામોલીન તેલ સોયાબીન તેલ કપાસિયા તેલની બનાવટો અલગ અલગ ૧૭ ખાદ્ય તેલની બ્રાન્ડના સ્ટીકરો તથા એક છોટા હાથીમાં રાખેલ પામોલીન તેલ ભરેલા ડબ્બાઓ ખાલી બેરેલો તેમજ કારખાનામાં રાખેલ ૧૦,૦૦૦ પામોલીન તેલના ડબ્બા મળી પોલીસે કુલ ૧૫,૪૫,૨૯૯૦ નો મુદ્દામાલ કબજે કરી અત્રેના ગ્રામ્ય પોલીસ મથકમાં જાણવા જોગ દાખલ કરેલ છે. ઝડપાયેલો શંકાસ્પદ જથ્થો ખાદ્ય છે કે અખાદ્ય છે, તેવી અનેક તપાસ બાદ જો કંઈક અજગતું મળી આવશે તો વેપારી વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવતા તથા પોલીસના આ છાપાથી દાહોદના તેલના વેપારીઓમાં અને આ વેપાર સાથે સંક્ળાયેલા લોકોમાં ખળભળાક બચી જવા પામ્યો છે. ત્યારે આ મામલે લોકોના આરોગ્યને ધ્યાનમાં લઈ આરોગ્ય વિભાગે તેલના નમુનાઓના સેમ્પલો લઈ લેબોરેટરી ખાતે મોકલી આપ્યાં છે. આરોપી મુરતુજાભાઈની પોલીસે અટકાયત કરી વધુ પુછપરછોનો ધમધમાટ આરંભ કર્યો છે. જેમાં આ તેલનો સપ્લાય કોને કોને કરવામાં આવ્યો હતો, તે દિશામાં પણ પોલીસે પુછપરછો કરી પોલીસ તપાસ આરંભી રહી છે.


# ઘોઘંબાના સાજોરાની સીમોડા પ્રા.શાળા ખાતે મુખ્યમંત્રી પૌષ્ટીક અલ્પાહારનું જીલ્લા પુરવઠા અધિકારીના હસ્તે શરૂઆત કરાઈ



ઘોઘંબા,

તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ થી સમગ્ર પંચમહાલ જીલ્લામાં ''મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના''નું જીલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેકટર એચ.ટી. મકવાણાના હસ્તે ઘોઘંબા તાલુકાના સાજોરા ગામની સીમોડા પ્રાથમિક શાળા ખાતેથી તથા નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તમામ મામલતદાર, તમામ નાયબ મામલતદારો અને તમામ સુપરવાઈઝરો દ્વારા તમામ તાલુકાની અલગ અલગ શાળાઓમાં હાજરી આપી યોજનાની શુભ શરૂઆત કરાવેલ છે અને આ યોજનામાં જીલ્લાના કુલ ૧,૪૯,૫૮૬ (એક લાખ ઓગણપચાસ હજાર પાંચ સો છ્યાશી)બાળકોએ લાભ લીધેલ છે. વધુમાં બાળકોને આ યોજનાની સુખડી પિરસીને અને બાળકો સાથે બેસીને સુખડીની ગુણવત્તા અને સુખડીનો ટેસ્ટ પણ કરવામાં આવેલ છે.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.95

પંચમહાલ સમાચાર

# ગોધરાની મન્હા મેનેટરી હોસ્પિટલના ડોકટર દ્વારા મેડીકલેઈમ પાસ કરવાના ફોર્મ-બી ઉપર સહી કરવા માટે કમીશન નકકી કર્યું : કમીશન ન આપે તો મેડીકલેઈમ પાસ ન થવા દેવાની દાદાગીરી

ગોધરા શહેરમાં આવેલ મન્હા મેટરનિટી હોસ્પિટલમાં પીડિતના પત્નિને ડીલીવરી માટે દાખલ કર્યા હતા. નોર્મલ ડીલીવરી થતાં બીજા દિવસે રજા આપવામાં આવી હતી. પીડિત પરિવાર મેડિકલેઈમ ધરાવતો હોવાનુ હોસ્પિટલના તબીબને જણાવતા હોસ્પિટલમાં કેશલેસ સુવિધા નથી. બીલના નાણાં રોકડામાં મેળવ્યા હતા. ત્યારબાદ પીડિત પરિવારના સભ્ય હોસ્પિટલમાં મેડિકલેઈમના બી ફાર્મ ઉપર સહી કરાવવા ગયા હતા. ત્યારે ડોકટર દ્વારા મેડિકલેઈમ લેવા માટે નકકી કરવામાં આવેલ સ્લેબ પ્રમાણે કમિશન આપવુ પડશે તેમ જણાવીને મેડિકલેઈમ માટે ડોકટર દ્વારા કમિશન સ્લેબનુ લિસ્ટ મોબાઈલ ઉપર મોકલી આપ્યુ હતુ. અને જો કમિશન નહિ આપો તો કોઈપણ પાકા બિલ ઉપર સહી નહિ કરી આપુ અને મેડિકલેઈમ પાસ નહિ થવા દઉં તેમ જણાવેલ હતુ. આમ ગોધરાની ખાનગી હોસ્પિટલના તબીબ દ્વારા હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ પણ પેશન્ટના પરિવારજનો સાથે લુંટ ચલાવામાં આવી હોવાનુ સામે આવ્યુ છે. જેને લઈ અખિલ ભારતીય હિન્દુ મહાસભાના પ્રદેશ પ્રભારી દ્વારા તબીબ સામે કાર્યવાહીની માંગ સાથે રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરાઈ છે.ગોધરા શહેરમાં આવેલ મન્હા મેટરનિટી હોસ્પિટલમાં પીડિતના પત્નિને તા.૫/૧૧/૨૦૨૪ના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. અને ૬ નવેમ્બરના રોજ નોર્મલ ડીલીવરી થઈ હતી. બીજા દિવસે રજા આપવામાં આવી હતી. ત્યારે પીડિત પરિવારે હોસ્પિટલમાં અમે મેડિકલેઈમ ધરાવીએ છીએ અને અમારે મેડિકલેઈમ કરવાનો છો પરંતુ હોસ્પિટલ દ્વારા જણાવ્યુ હતુ કે, અમારી હોસ્પિટલમાં કેશલેસ સુવિધા ઉપલબ્ધ નથી ત્યારે હોસ્પિટલના બીલના નાણાં પહેલા ચુકવવા પડશે જેથી પીડિત પરિવાર દ્વારા બિલના નાણાં ચુકવી દીધેલ હતા. ત્યારબાદ પીડિત પરિવાર દ્વારા મેડિકલેઈમ ફાર્મ બી ભરાવવા માટે મન્હા હોસ્પિટલમાં ગયેલ હતા ત્યારે ડોકટર વસીમ મન્સુરી દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે, તમારે મેડિકલેઈમ લેવા હોય તો તમારે મને બિલ ઉપરાંત નાણાં આપવાના રહેશે તેમ કહી ડોકટર વસીમ મન્સુરી દ્વારા પીડિતના મોબાઈલમાં મેસેજ દ્વારા મેડિકલેઈમ માટે કમિશનનો સ્લેબ મોકલી આપવામાં આવ્યો હતો. જેમાં તમારે ૪૫ હજારનો મેડિકલેઈમ થશે તો ૧૫ હજાર રૂપિયા હું કમિશન લઈશ તેમ પીડિત પરિવારને જણાવેલ હતુ. જો કમિશન નહિ આપો તો હું પાકા બિલ કે કલેઈમ ઉપર સહી નહિ કરી આપુ અને તમારો કલેઈમ પાસ થવા નહિ દઉં. આમ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ દર્દીઓને પણ બિલ ઉપરાંત મેડિકલેઈમમાં મળવાપાત્ર નાણામાંથી પણ કમિશનની માંગણી ખુલ્લેઆમ કરવામાં આવી રહી છે. ડોકટર વસીમ મન્સુરી દ્વારા ભુતકાળમાં પણ ઘણી બધી મહિલાઓએ જીવ ગુમાવ્યા છે. અને તેના વિરુદ્ધ ફરિયાદ પણ થયેલ છે પરંતુ ડોકટર વસીમ મન્સુરી પૈસાના જોરે છુટી જાય છે. ડોકટર વસીમ મન્સુરી ભુતકાળમાં ચીરજીંવી યોજનામાં સરકાર દ્વારા આપવામાં આવતા નાણાંના ખોટા બિલો દ્વારા ગોટાળા કરવામાં આવેલ છે. ખાનગી હોસ્પિટલના ડોક્ટર વસીમ મન્સુરી દ્વારા પીડિત પરિવાર પાસેથી જીએસટી અને કમિશનના નામે ઉઘાડી લુંટ ચલાવવામાં આવી રહેલ છે. આ એક કિસ્સો સામે આવ્યો છે. ત્યારે ડોકટર વસીમ મન્સુરી દ્વારા કેટલા પરિવારો પાસેથી કમિશનના નાણાં ઉઘરાવી લેવામાં આવ્યા હશે ? ત્યારે મન્હા હોસ્પિટલના ડોકટર દ્વારા હોસ્પિટલમાં સારવાર બાદ પણ પીડિત પરિવારને મેડિકલેઈમ માટેના ફોર્મ ઉપર સહી કરવા માટે કમિશન સ્લેબ બનાવી લુંટ કરવામાં આવી રહી છે. તે બાબતે અખિલ ભારતીય હિન્દુ મહાસભાના પ્રદેશ પ્રભારી આશિષ પટેલ દ્વારા રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી ગંભીરતાથી ઉંડાણપુર્વક તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.




## ગોધરા પાલિકાના જન્મ-મરણ શાખામાં દાખલા માટે અરજદારોને લાઈનમાં ઉભા રહેવા મજબુર હોય જેને લઈ પાલિકા સભ્ય દ્વારા વધુ સ્ટાફ ફાળવવા માંગ કરાઈ



ગોધરા,

ગોધરા નગર પાલિકાના સભ્ય અને એઆઈએમઆઈએમના નેતા દ્વારા નગર પાલિકા કચેરીમાં આવેલ જન્મ-મરણ વિભાગની કચેરી ખાતે વહેલી સવાર થી આવતા અરજદારોને મુશ્કેલીઓ પડી રહી છે. તે દુર કરવા માટે ચીફ ઓફિસરને લેખિતમાં રજુઆત કરાઈ.ગોધરા નગર પાલિકાના જન્મ-મરણ વિભાગની કચેરી ખાતે સ્ટાફનો અભાવ છે. જેને લઈ જન્મ-મરણના દાખલાઓ માટે અરજદારો વહેલી સવારથી લાઈનમાં ઉભા રહેતા હોય છે. કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડતું હોય છે. જન્મ-મરણ વિભાગમાં જરૂરી સ્ટાફ ફાળવવામાં આવે તો અરજદારોને સમયસર સરળતાથી દાખલો મળી શકે તેમ છે. ગોધરામાં આધારકાર્ડ બાદ પાલિકા જન્મ-મરણ નોંધણી કચેરીમાં અરજદારો દાખલા માટે લાઈનોમાં ઉભા રહેતા જોવા મળી રહ્યા છે. ત્યારે અરજદારોને પડતી મુશ્કેલીઓને લઈ પાલિકા સભ્ય જલાઉદ્દીન હાજી અહેમદમીંયા સૈયદ દ્વારા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરી યોગ્ય કાર્યવાહીની માંગ કરાઈ છે.

## પંચમહાલ જીલ્લા વકીલ મંડળની ચુંટણી ૨૦ ડિસેમ્બર યોજાશે ત્યારે દરેક પોસ્ટ માટે મોટી સંખ્યામાં ઉમેદવારો ભાવિ અજમાવશે

ગોધરા,

પંચમહાલ જીલ્લા વકીલ મંડળના મુખ્ય ચુંટણી અધિકારી સમીરભાઇ કે. પુરાણી એડવોકેટ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આગામી તારીખ ૨૦/૧૨/૨૦૨૪ના રોજ પંચમહાલ જીલ્લા વકીલ મંડળની ચુંટણી યોજાવા જઈ રહી છે. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના આદેશ અનુસાર સમગ્ર ગુજરાત રાજયના તમામ બાર એસોશીએશનમાં ચુંટણી યોજાવા જઈ રહી છે. તેને અનુલક્ષીને પંચમહાલ જીલ્લા વકીલ મંડળ દ્વારા પણ ચુંટણી યોજાઈ રહી છે. ખુબ જ ઉત્સાહ પૂર્વક ઉમેદવારો પોતાનું ભાવિ અજમાવી રહ્યા છે. દરેક પોસ્ટ માટે ખુબ મોટી સંખ્યામાં ઉમેદવારો પોતાનું ભાવિ અજમાવી રહ્યા છે. દરેક વોટર્સ પોતાનું આઈકાર્ડ ચુંટણીના દિવસે ફરજીયાત પણે સાથે રાખવાનું છે. તેવું પણ મુખ્ય ચુંટણી કમિશ્નરે જણાવેલ છે. મતદાનનો સમય સવારે ૧૧ કલાક થી અને તે જ દિવસે ચુંટણી સમય બાદ મત ગણતરી કરવામાં આવશે.

## ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાયો



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકામાં આવેલ વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતની અદયક્ષતામાં અને શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઇ ખાબડ, પૂર્વ શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં શ્રી ગોવિંદ ગુરૂયુનિવર્સિટીનો છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં મહાનુભાવોની ઉપસ્થિતીમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ ૪૭ તેજસ્વી વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો અને પદવીઓ તથા ૭૦ પીએચડીના વિદ્યાર્થીઓને પદવીઓ એનાયતકરવામાંઆવીહતી.

આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતે સુવર્ણ ચંદ્રક વિજેતા અને પદવી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવીને આજના દીક્ષાંત સમારોહના દિવસને વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુનિર્વિસટી સહિત સૌની માટે ગૌરવનો દિવસ ગણાવ્યો હતો.

રાજયપાલ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા યુવાનોને પ્રામાણિકતા, કર્તવ્યભાવ અને કર્મયોગ સાથે આગળ વધી દેશની પ્રગતિમાં સહભાગી બનવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનએ આપેલા વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા માટે કોલેજો, યુનિવર્સિટીઓ અને યુવાનો સમર્પણ ભાવ અને પરિશ્રમથી સહયોગ આપી રાષ્ટ્રસેવામાં પ્રતિબધ્ધ બને તે જરૂરી છે.રાજ્યપાલ એ શ્રી ગોવિંદ ગુરૂ મહારાજ કે જેમણે અંગ્રેજોના સમયમાં આદિવાસીઓ ને એકત્રિત કરીને સ્વતંત્રતાની લડત માટે આંદોલન કર્યું હતું તેમને યાદ કર્યા હતા અને તેમના નામ ઉપર યુનિવર્સિટીનું નામ હોવાથી વિદ્યાર્થીઓમાં પ્રેરણાનો સંચાર સતત થતો રહેશે તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, આજે તમે શૈક્ષણિક પરીક્ષા પાસ કરીને જીવનની અન્ય પરીક્ષાઓ તરફ પ્રયાણ કરવા જઈ રહ્યા છો ત્યારે તમારાથી જોડાયેલી સૌની અપેક્ષાઓ પણ વધશે. તમે શિક્ષિત થયા છો તેનો મતલબ કે તમે જવાબદાર થયા છો. જવાબદાર થયા છો, તેનો અર્થ કે તમને તમારા કર્મની સમજ આવી છે. પોતાના માતાપિતા અને ગુરૂના આદર ભાવ રાખવાથી કર્મની ખરી સમજણની શરૂઆત થાય છે. રાજ્યપાલ એ વધુમાં ગીતા જયંતિના પાવન અવસરનો ઉલ્લેખ કરીને ભગવત ગીતામાં શ્રી કૃષ્ણએ આપેલો સૌથી મોટો ઉપદેશ કર્મયોગનો છે તેમ જણાવ્યું હતું. કર્મમાં કુશળતા મેળવવી એજ કર્મયોગ છે. બુધ્ધિ પુર્વક કરવામાં આવતું કર્મ અને ફળની આશા વિના કરવામાં આવતું કર્મ જ તમને જીવનમાં દુઃખ અને બંધનથી મુક્ત કરે છે. તમે કર્મશીલ બનીને સતત આગળ વધતા રહો અને પોતાની ફરજોનું નિર્વાહ કરતા રહો, જેવું કર્મ કરશું એવું ફળ મળશે અને શ્રેષ્ઠ કર્મ કરશું તો ક્યારેય જીવનમાં નાસીપાસ નહીં થવાય તેમ જણાવી રાજ્યપાલ યોગશાસ્ત્રમાં ઋષિ પતંજલિએ આપેલી જીવનોપયોગી સમજણને વિવિધ દષ્ટાંતો દ્વારા રજૂ કરી હતી.આ વેળાએ ગુજરાતના શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાએ ગીતા જયંતિના દિવસે યોજાયેલ દીક્ષાંત સમારોહમાં પદવીઓ મેળવનાર સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.એપીજે અબ્દુલ કલામ, વર્તમાનમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના જીવન દષ્ટાંત આપી વિદ્યાર્થીઓને જણાવ્યું હતુ કે તમેશિક્ષણનું જે ભાથું ગ્રહણ કર્યું છે તેમાં મૂલ્યનિષ્ઠા અને પ્રમાણિકતાને ગૂંથીને પોતાના કર્મ પથ પર નીડરતાથી વધવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને તમે અહીં મેળવેલા જ્ઞાનસાથે જીવનમાં સતત આગળ વધતા રહો અને અંત્યોદયના વિકાસમાં પ્રયાસરત રહો તથા જાતિવાદ જ્ઞાતિવાદ અને પ્રાંતવાદને મહત્વ ના આપીને રાષ્ટ્રવાદ ને સમર્પિત રહો તેવો અનુરોધ કરૂં છું.આ તકે પ્રાસંગિક ઉદબોધન કરતાં ગુજરાતના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ એ આગામી સમયમાં ભારતના શ્રેષ્ઠ ભાવિના નિર્માણમાં જેઓ પાયાની ભૂમિકા ભજવશે તેવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના સૌ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સફળતાની સાથે જીવનની કેડી પર પણ સફળતા મેળવી સૌને ગૌરવાન્વિત કરે તેવી શુભેચ્છાઓ પાઠવું છું તેમ જણાવ્યું હતું. તેમણે એમ પણ ઉમેર્યું હાથ કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પણ યુનિર્વિસટીના તમામ વિદ્યાર્થીઓને સતત પ્રયાસરત રહી, પોતાના પર આત્મવિશ્વાસ રાખી, જીવનમાં જવાબદારીઓનું શ્રેષ્ઠ નિર્વાહ કરી શકે અને ધ્યેયસિધ્ધિ સાથે આગળ વધી શકે તેવી શુભેચ્છાઓ પાઠવી છે. ગુજરાતના પૂર્વ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે પદવી મેળવવાનો દિવસ એ દરેક વિદ્યાર્થી માટે ખાસ હોય છે. તેમણે વિદ્યાર્થીઓને શિક્ષણની ડિગ્રી મેળવીને સફળ થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને જીવનના દરેક મુકામે ડીગ્રી મેળવે અને સફળ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને અત્યાર સુધી માણેલા વિદ્યાર્થી જીવનના શ્રેષ્ઠ સમયને હકારાત્મકતા સાથે આગળ ધપાવીને શ્રેષ્ઠ નાગરિક બનીને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ પાલનમાં પણ અચૂક આગળ રહો તથા દેશ સેવામાં પણ યોગદાન આપો તેવી શુભેચ્છા પાઠવી હતી.પ્રારંભમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણે સૌનો આવકાર કરી પદવીધારકોને શુભેચ્છાઓ પાઠવી હતી તથા યુનિવર્સિટીએ છેલ્લા ૦૬ વર્ષમાં મેળવેલી સિદ્ધિઓનો ચિતાર રજુ કર્યો હતો. કાર્યક્રમના અંતમાં કુલસચિવ અનિલભાઈ સોલંકીએ આભાર વિધિ કરી હતી.આ પ્રસંગે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને ૪૭ સુવર્ણચંદ્રક તથા ૭૦ વિદ્યાર્થીઓને પીએચડીની પદવી તેમજ કુલ ૧૭૧૮૬ વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાઓ અંતગર્ત પદવીઓ એનાયત કરવામાં આવી હતી.